વર્ષ-૨૦૧૬-૧૭માં આયોજન હેઠળના નવી સેવાઓ બાબતના સુરત રેન્જ માટે પબ્લીક સેફ્ટી આન્સરીંગ સીસ્ટમ (PSAP) વ્યવસ્થા સ્થાપિત કરવા માટે નવી સેવાની દરખાસ્તને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃવસફ/૩૩૨૦૧૫/નવીસેવા-૧૧૪૨૭/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૧/૦૪/૨૦૧૬.

**<u>સંદર્ભઃ-</u>**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગરનો તાઃ૨૨/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃઇ/૧૫૩૬/નવીસેવા-૨૦૧૬-૧૭/૧૨૯/૨૦૧૬,

**<u>ઠરાવઃ-</u>**

વાર્ષિક યોજના ૨૦૧૬-૧૭ હેઠળ સુરત રેન્જના પાંચ જિલ્લાઓ અને નવા રચાયેલ સાત જિલ્લાઓ માટે પબ્લીક સેફ્ટી આન્સરીંગ સીસ્ટમ (PSAP) ની રચના કરી પોલીસ ઇમરજન્સી કોલ્સની ખૂબ જ આધુનિક ડસ્પેચ વ્યવસ્થા ગોઠવવા વર્ષ-૨૦૧૬-૧૭માં સંદર્ભમાં દર્શાવેલ તાઃ૨૨/૦૧/૨૦૧૬ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે રૂ. રૂ. ૬,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ કરોડ પુરા) ની નાણાકીય જોગવાઇ ગૃહ વિભાગના વર્ષ-૨૦૧૬-૧૭ના અંદાજપત્ર પ્રકાશન નં.-૧૨ના પાના નં.-૧૪૯/પ.વિ. ઉપર આયોજન હેઠળ નવી બાબત તરીકે કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે આ યોજના અન્વયે થનાર કેપીટલ ખર્ચ રૂ.૧૧૬.૩૦ લાખ, જરૂરી સાધન સામગ્રી, મેન્ટેનન્સ તેમજ અન્ય ખર્ચ રૂ.૪૫૫.૮૩ લાખ અને પોલીસ સબ ઇન્સ્પેક્ટરોની ૧૫ જગ્યાઓનો ખર્ચ રૂ.૨૭.૯૦ લાખ એમ કુલ રૂ.૬,૦૦,૦૦,૦૦૦/- ના ખર્ચનો અંદાજ રજૂ કરેલ છે. પરંતુ સૈદ્ધાંતિક મંજૂરી વખતે આ યોજનાનો અમલ આઉટસોર્સિંગ વ્યવસ્થાથી કરવા અને નવા મહેકમ અંગે કોઇ દરખાસ્ત રજૂ કરવામાં આવેલ ન હતી જેથી પોલીસ ઇન્સ્પેક્ટરોની ૧૫ જગ્યાઓ ઉભી કરવાની દરખાસ્ત નામંજૂર કરેલ છે. તે સિવાયની રૂ.૫૭૨.૧૦ લાખનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ ની અંદાજપત્રીય જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિ અને ઇ-ટેન્ડરીંગ અંગેની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંકઃ | ૦૪૩: પોલીસ |
| ૨ | મુખ્ય સદર | ૨૦૫૫: પોલીસ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૦૦ |
| ૪ | ગૌણ સદર | ૧૦૯: જિલ્લા પોલીસ |
| ૫ | પેટા સદર | ૦૧: જિલ્લા પોલીસ ખુદ |
| ૬ | ખર્ચનો પ્રકાર | આયોજન / મતપાત્ર |
| ૭ | પ્લાન યોજનાનો ૬ ડીઝીટનો કોડ | ૧૧૪૫૦૫ |
| ૮ | હેડ ચાર્જેબલ | ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૧ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એચ.એ.રાજપૂત)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
- પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકિય સલાહકારશ્રી, (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, ક-શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ / નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.